/

કોમ્પ્યુટરની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પરીક્ષામાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક
સચિવાલય-ગાંધીનગર
તારીખ: ૦૧/૦૪/૨૦૧૭

વંચાણે લીધા: (૧) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા. 30-0૯-0૬
(૨) સા.વ.વિ.ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૦૬/૩૧/ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક, તા.30-0૯-૨૦૦૬

આમુખ :

રાજય સરકારના વહીવટમાં ઇ-ગવર્નન્સની નીતિ અન્વયે કોમ્પ્યુટરની કામગીરીનો મોટા પ્રમાણમાં વધારો થયેલ છે. રાજય સરકારમાં કોઇપણ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક માટે કોમ્પ્યુટરના ' Basic Knowledge ' ની જાણકારી જરૂરી છે. તદ્ઉપરાંત રાજય સરકારમાં સીધી ભરતીથી નિમણૂંક પામ્યા બાદ તેઓએ ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ ૨ હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તા.30-૯-૨૦૦૬ના જાહેરનામાથી ઘડાયેલ કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ અજમાયશી સમય દરમ્યાન તથા ત્યારબાદ બઢતી/ ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. છેલ્લા થોડા વર્ષોમાં માસ્ટર્સ ડીગ્રી તથા બેચલર ડીગ્રી લેવલે કોમ્પ્યુટરને લગતી ડીગ્રીઓ ધરાવતા વિવિધ પ્રકારના કોર્ષ પાસ કરેલ ઉમેદવારો રાજય સરકારમાં નિમણૂંક પામેલ છે. આ ઉમેદવારો કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળની C.C.C./C.C.C.+ પરીક્ષાના નિયત અભ્યાસક્રમ કરતા ઘણી ઉચ્ચ પ્રકારની કોમ્પ્યુટરની લાયકાતો ધરાવે છે. આ પ્રકારની કોમ્પ્યુટરની ઉચ્ચ લાયકાતો ધરાવતા કર્મચારીઓની વિશાળ સંખ્યાને ધ્યાને લેતાં કોમ્પ્યુટરની ઉચ્ચ લાયકાત ધરાવતા આવા ઉમેદવારોને C.C.C./C.C.C.+ ની તાલીમ અને પરીક્ષા પાસ કરવામાંથી મુકિત આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજય સરકારમાં કોઇપણ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક પામેલ કર્મચારીઓ/અધિકારીઓ કોમ્પ્યુટર સંબંધિત નીચે મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હશે તો તેઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષામાંથી મુક્તિ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

1. *M.Tech /M.E. in Computer Engineering*
2. *M.Tech /M.E. in Computer Science Engineering*
3. *M.Tech /M.E. in Information Technology*
4. *M.Tech /M.E. in Information Communication Technology*
5. *M.Tech /M.E. in Computer Science*
6. *M.Tech /M.E. in Software Engineering*
7. *M.Tech /M.E. in Computer Network*
8. *M.Tech in Network Security*
9. *M.Tech in Embedded System*
10. *B.Tech/B.E. in Computer Engineering*
11. *B.Tech/B.E. in Computer Science*
12. *B.Tech/B.E. in Computer Science & Engineering*
13. *B.Tech/B.E. in Information Technology*
14. *B.Tech/B.E. in Information Communication Technology*
15. *MSc. in Computer Science*
16. *MSc. in Information Technology*
17. *Master in Master in Computer Application*
18. *B.Sc. in Computer Science*
19. *B.Sc. in Information Technology*
20. *Bachelor in Computer Application (B.C.A.)*
21. *Diploma in Computer Application*
22. *Post Graduate Diploma in Computer Application*
23. *Diploma in Computer Technology*
24. *Diploma in Computer Engineering*
25. *Diploma in Information Technology*
26. *Diploma in Information and Communication Technology*

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ
સામાન્ય વહિવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ચાંદખેડા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ચાંદખેડા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.
રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
રજીસ્ટ્રારશ્રી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM , અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ/સર્વે અધિકારીશ્રીઓ
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
<u>સિલેકટ ફાઈલ</u>
*પત્ર દ્વારા